## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*'દો ગજની દૂરી'ને 'માસ્ક' ને કનડે છે!*
*ધાર્મિક-સામાજિક પ્રસંગોને પણ કનડે છે!*
*કનડે છે 'નેતાશ્રીઓને પણ પ્રચારલીલામાં -*
*ટીવી-રેડિયો ફોનથી પણ કોરોના કનડે છે!*
*(કનડગત બેકાબૂ)*

**હાઈકુ**

*રાખે ન શર્મ!*
*'કોરોના' કોઈની યે*
*સત્તા કે પદ!!*

*બે શરમીથી -*
*ભલભલાનું પણ*
*પકડે 'નાક'*

### ચિંતન

**શબ્દ બિના સ્તુતિ આંધરી, કહો કહાં કો જાય ?**
**દ્વાર ન પાવે શબ્દ કા, ફિરિ ફિરિ ભટકા ખાય**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે પરમાત્માની ભક્તિનો સાંકેતિક અર્થ એટલે પ્રભુનું નામ સ્મરણ અને તેનું ધ્યાન એ જ છે, પરંતુ લોકો એ વિષે કશું જાણ્યા સમજ્યા વગર, કોઈ પણ જાતનાં જ્ઞાન વગર જ ધ્યાન ધર્યા કરે છે તે ધ્યાન આંધળું છે, વ્યર્થ છે. આવો અજ્ઞાની જીવ પ્રભુ સમીપે ક્યાંથી પહોંચી શકે? કારણ કે પરમાત્મા પાસે પહોંચવા માટેના દરવાજા ને તે અંધ એટલે અજ્ઞાની દેખી કે મેળવી જ કઈ રીતે શકે ?

આમ જ આ અજ્ઞાની જીવ બ્રહ્મકાર ન થતા વિષયાકાર થઈ વારંવાર સંસારમાં ભટક્યા કરે છે. તેનું ધ્યાન બ્રહ્મચિંતનમાં નહીં પણ વિષયચિંતનમાં ભમ્યા કરે છે.

કબીર કહે છે આત્માની ઉન્નતિ અને મોક્ષ પ્રાપ્તિ માટે ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ પ્રભુનું ધ્યાન ધરવું એ જ સાચો માર્ગ છે.

### સુવિચાર

- સત્ય સુખ આપે, પ્રેમ સુખ અને દુઃખ બંને આપે, અને કરુણા કેવળ સુખ જ આપે - **મોરારિ બાપુ**
- આ અસ્તિત્વ કૃપામય જ છે, ધીરજ પણ એક સાધના છે - **બોધિ વૃક્ષ**
- તમારા દાદા ગમે તેટલાં ઊંચા હોય, પણ મોટા થવાનું તારે પોતે જ કરવું પડશે - **આઈરીશ કહેવત**
- ધન મળતા કુલહીન કુળવાન ગણાય છે, ધનથી માણસો આફતોને તરી જાય છે, ધનથી મોટો બંધુ આ જગતમાં બીજો કોઈ નથી,માટે ધન કમાવો - **જનકલ્યાણ**
- જે શ્રદ્ધા ધરાવે છે તે બળવાન છે, જે સંશય રાખે છે, તે નિર્બળ છે - **જુલિયન કલાર્ક**
- આપણે ઈશ્વરમાં માનીએ છીએ કર્મમાં કે નસીબમાં માનીએ કે કાંઈ ન માનીએ તો ય એક વાત માનવી જ પડશે કે આપણા હાથમાં આખરે કાંઈ જ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : તલને પીસીને તે પેસ્ટ દાઝ્યા પર લગાડવાથી ફાયદો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

દાર્જિલિંગમાં કેટલાક વરિષ્ઠ મિત્રોની એક મંડળી હતી જે અરસપરસમાં સમાચારોનું આદાન-પ્રદાન કરતા સાથે ચા પીવાની એમની પરંપરા હતી. આ સૌ સભ્યોનો એવો એક શોખ હતો કે ચાની મોંઘામાં મોંઘી વેરાયટીની શોધ કરવી તેનું વિવિધ મિશ્રણ કરી નવા નવા સ્વાદનું સંશોધન કરવું.

આ મિત્રોમાંના એક મિત્રે સોનાના મોંઘા ડબ્બામાં ચાની ભૂકી નાખી સુગંધિત ચા તૈયાર કરી. મંડળીના સૌની સામે આ નવી ચા નો સ્વાદ ચાખવા આમંત્રણ આપ્યું. સૌ એ આ ચા પીધી અને સૌએ આ ચાના ખૂબ વખાણ કર્યા. સૌએ મિત્રને આ ચા ના સંશોધન અંગે જાણવા વિવિધ પ્રશ્નો પૂછ્યા. ત્યારે મિત્રએ રાઝ ખોલતા કહ્યું, 'આપે જે ચાનો સ્વાદ માણ્યો છે તે કોઈ નવી નથી. મારા ચાના બગીચામાં કામ કરતા સૌ રોજ આ જ ચા પીવે છે.'

અર્થાત્ જીવનની સૌથી ઉત્તમ વસ્તુ મોંઘી નથી કે નથી તેને શોધવી મુશ્કેલ છે. માત્ર દૃષ્ટિ ખુલ્લી રાખવાની જરૂર છે.

# નારી સન્માન અપેક્ષિત છે

**તંત્રીસ્થાનેથી...**

'મનુષ્ય' મૂળે તો અન્ય પ્રાણીઓ જેવું એક પ્રાણી જ છે. એને સંસ્કારો અને જીવનમૂલ્યો પશુઓથી જુદું પાડે છે. પરંતુ મૂળભૂત પશુવૃત્તિઓથી એ કયારેક સંપૂર્ણપણે મુક્ત થઈ શકતું નથી. આ પ્રાણીસહજ વૃત્તિઓ કયારેક ઉછાળો મારી બેસે અને એથી સામાજિક વ્યવસ્થા કથળે - એને રોકાવા માટે ખુદ મનુષ્ય-સમાજે સમજણપૂર્વક એક આચારસંહિતાનું નિર્માણ કર્યુ છે. આવી આચારસંહિતા દુનિયાના અલગ અલગ પ્રદેશોમાં વત્તાઓછા અંશે સમાન રહી છે. દાખલા તરીકે હિંસા, ચોરી, ભ્રષ્ટાચાર કે 'દુષ્કર્મ' સંજ્ઞાથી ઓળખાવાતું સ્ત્રીનું યૌનશોષણ. આ તમામ બાબતો લગભગ તમામ ધર્મો અને બંધારણોએ વર્જ્ય અને ગુનાઈત માનેલ છે. એવા ગુના કરનારાઓ માટે અલગ અલગ પ્રકારની સજા નિર્ધારિત થયેલ છે. ઈસ્લામના કાનૂન મુજબ દુષ્કર્મીને જાહેરમાં ગોળી મારીને રસ્તા વચ્ચે લટકાવી દેવાય છે. અથવા જમીનમાં ખાડો કરી ફક્ત એનું માથું બહાર દેખાય એમ ઊભો રાખી પથ્થરો મારીને એનું મોત નીપજાવવામાં આવે છે. ભારતમાં સામૂહિક દુષ્કર્મની ઘટનાઓ છાશવારે બનતી રહે છે અને એવા ગુનેગારો સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાય છે પરંતુ એવા ગુનેગારોને પોતાની નિર્દોષતા સાબિત કરવાની પૂરતી તક અપાય છે, કાનૂની સહાય પણ મળે છે. આથી કદાચ દુષ્કર્મીને સજા થાય તો પણ એના ગુનાને વર્ષો વીતી ગયા પછી થતી હોય છે. ઈસ્લામિક કાનૂન લાંબી પૂછપૂછમાં પડ્યા વગર ત્વરિત કાર્યવાહી કરવામાં માને છે. એથી કદાચ ત્યાં ભયના માર્યા આવા ગુના ઓછા થતા હોય તે બનવાજોગ છે. પરંતુ આખરે કયારેક તક મળતાં જ પેલી દબાયેલી પશુવૃત્તિ ઉછાળા મારી બેસે છે અને દુષ્કર્મની ઘટનાઓ તો બનીને જ રહે છે. પાકિસ્તાનમાં એક ફ્રેન્ચ યુવતી રાતના સમયે એનાં બાળકો સાથે લાહોર-સિયાલકોટ હાઈવે પર ગુજરાનવાલા જઈ રહી હતી ત્યારે એને અધવચ્ચે આંતરીને એનાં બાળકોની નજર સામે જ સામૂહિક બળાત્કારનો શિકાર બનવું પડ્યું એ ઘટના કોઈ પણ દેશ માટે બલકે સમસ્ત માનવજાત માટે શરમજનક જ ગણાશે. પરંતુ એથી પણ વધુ શરમજનક તો એ યુવતીની ફરિયાદ પછી પાક પોલીસે અપનાવેલું અમાનવીય વલણ ગણાવું જોઈએ. તપાસ અધિકારીએ સામૂહિક દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીને જ આ ઘટના માટે દોષિત ઠેરવી છે. એના અભિપ્રાય મુજબ પાકિસ્તાનમાં રાતના સમયે કોઈ પણ સ્ત્રીને એકલી બહાર નીકળવાની છૂટ નથી. આ મહિલાએ કાનૂનનો ભંગ કરી જાતે જ મુસીબત વહોરી લીધી છે! દુષ્કર્મીઓને કલીનચીટ આપતું હોય એવું પોલીસ અધિકારીનું વલણ ખુદ એમના દેશમાં ભારે ટીકાપાત્ર બન્યું છે. સ્ત્રી માટે યુગોથી બાંધવામાં આવેલી મર્યાદાઓ હજી પણ એક યા બીજા સ્વરુપે પુરુષવર્ગમાં અકબંધ રહેવા પામી છે, એનો આ નાદર નમૂનો છે. એ ફક્ત પાકિસ્તાન જેવા જુનવાણી અને ઈસ્લામિક દેશના પુરુષોની જ માનસિકતા છે એવું માની લેવાની જરૂર નથી. સુસંસ્કૃત ગણાતાં રાષ્ટ્રોમાં પણ સ્ત્રીને હજી સવિશેષ તો ભોગવવાલાયક 'શરીર' તરીકે જ જોવામાં આવે છે. એમ ન હોત તો કેબરે ડાન્સ કે પોર્ન વીડિયો જેવી પ્રવૃત્તિઓ થોડી થતી હોત? સ્ત્રીન પુરુષની માલિકીની ચીજ તરીકે ખુદ ધર્મશાસ્ત્રોએ વર્ગીકૃત કરેલી છે. એથી સ્તો યુધિષ્ઠિર જેવા ધર્મપુરુષ પોતાની પ્રિય પત્નીને દાવમાં મૂકી શક્યા હશે !

# પ્રજાને ગુંડારાજમાંથી મુક્ત કરવા 'ગુંડા એક્ટ' અમલમાં આવશે

## ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશ્યલ એક્ટીવીટીઝ (પ્રિવેન્સન) એક્ટ



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

ગુજરાત રાજ્યની વસ્તી રાતદિવસે વધતી જાય છે. પરપ્રાંતમાંથી રોજગારી મેળવવા કેટલાય લોકો ઉ.પી., બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા નેપાળ રાજ્યમાંથી ગુજરાતમાં આવે છે. જે કાયમી વસવાટમાં પરિવર્તન થતા જાય છે. જેમ જેમ ગુજરાતમાં પરપ્રાંતિઓનો વસવાટ વધતોલ જાય છે તેમ તેમ ગુજરાતમાં ક્રાઈમ રેટમાં પણ ઉછાળો આવતો જાય છે. તેથી ગુજરાત સરકારે "ગુંડા રાજ ને રોકવા તેમજ નાથવા માટે " ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશ્યલ એક્ટીવીટીઝ (પ્રિવેન્સન) એક્ટ નામથી એક નવો કાયદો અમલમાં મુકવાનો ઈરાદો જાહેર કરેલ છે. જે હાલમાં વટહૂકમ સ્વરૂપે બહાર પાડશે. ત્યારબાદ વિધાનસભા સત્ર મળતા બહુમતીથી વટહુકમ મંજૂર કરી કાયદાનું નક્કર સ્વરૂપ આપવામાં આવશે. જેનાથી વેપારીઓ અને સામાન્ય નાગરીકોને મોટી રાહત મળશે.

હવેથી મામૂલી ધમકી આપવાના ગુનાને પણ ગુંડા એક્ટ માં સમાવી ધમકી આપનારને જેલ ભેગો કરવા પોલીસને સત્તા અને અધિકાર મળશે. અગાઉ પાસા એક્ટમાં સુધારો કર્યા બાદ ગુંડા એક્ટ અમલમાં મૂકતા ક્રિમિનલો માં અને ગુનાહીત પ્રવૃત્તિ આચરનારા તેમજ જમીનના ગેરકાયદેસર રીતે કબજા કરનાર ધાક ધમકી આપી ખંડણી ઉઘરાવનાર તથા ઉંચા વ્યાજે લોન આપી ગેરહક્કે ગેરકાયદેસર રીતે નાણા પડાવનારાઓમાં ફફડાટ ફેલાશે.

છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત સરકારે ધાર્મિક, સામાજીક અને અર્થવ્યવસ્થા સુચારૂરૂપે ચાલે તે માટે તેમજ આમ નાગરીક અને વ્યાપારી શાંતિથી રહી વેપાર, ધંધો, રોજગારી મેળવી સુખી જીવન જીવી શકે તે માટે ૭ જેટલા મહત્વના કાયદાઓને અમલમાં લાવેલ છે.

ગુજરાતમાં ગેરકાગદેસર રીતે દારૂ જુગારની પ્રવૃત્તિઓ, અનૈતિક વ્યાપાર, માનવ તસ્કરી તથા બાળકો, યુવતીઓ અને સ્ત્રીઓની જાતીય સતામણી તથા ગાયો તેમજ પશુધનની ગેરકાયદેસર કતલના ગુનામાં એકાએક વધારો થવા લાગ્યો છે તે જ રીતે ગરીબ ખેડૂતની જમીન નો ગેરકાયદેસર કબજો લેવાના તથા અપહરણના, ખંડણી માંગવાના, ધાકધમકી આપવાના તેમજ ઉંચા વ્યાજે નાણા આપી જનતાનું શોષણ કરવાના ગુનાઓમાં એકાએક વધારો થવા લાગતા જેને નાથવા માટે ગુજરાત સરકારે પાસા તથા ગુંડા એક્ટ અમલ માં મુકેલ છે. તથા પોલીસ ડીપાર્ટમેન્ટે પણ આવા અસામાજીક તત્વોને કડક હાથે ડામવા કાયદાકીય જોગવાઈ મુજબ પગલા ભરવા અતિઆવશ્યક હોવાથી ગુંડા એક્ટ અમલ માં મુકવો આવશ્યક છે.

આ કાયદા મુજબ સમાજની શાંતિમાં બાધકરૂપ સામુદાયીક સંવાદીતાને ખલેલ પહોંચાડવાનો બદઈરાદો તથા હિંસાનો આશ્રય લઈ એક જ્ઞાતિ કે સમૂદાય ને બાનમાં લેવાના પ્રયાસો રૂપ ગેરકાયદેસર હડતાલ, બંદ રાખવું તથા સરકારી મિલકતને નુકશાન કરી આગ ચંપી કરવાના બનાવોને નાથવા માટે સરકારનું પોલીસ તંત્ર કડક હાથે પગલા ભરી શકે તે માટે પોલીસ ડીપાર્ટમેન્ટને વિસ્તૃત હક અધિકાર આપવા ગુંડા એક્ટ અમલ માં મુકેલ છે.

આ સ્પે. એક્ટમાં ગુંડા તત્વો માટે વ્યક્તિગત અથવા જૂથમાં હિંસાની ધાક ધમકી આપવી અથવા

અન્ય રીતે જાહેરહિત ને, જાહેર વ્યવસ્થાને નુકશાન પહોંચાડવાના બદઈરાદાથી અસામાજીક પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકોનો ગુંડા એક્ટ અંતર્ગત સમાવેશ કરી પગલા ભરવામાં આવશે. જેના આરોપીને ૭ થી ૧૦ વર્ષની જેલ તથા ૫૦૦૦૦/- વધાર દંડની જોગવાઈ તેમજ સરકારી સેવક જો ગુંડા તત્વોને મદદ કરતા પકડાય તો ૩ થી ૧૦ વર્ષ સુધીની જેલ તથા દંડની જોગવાઈ રાખવામાં આવેલ છે.

અસામાજીક તથા ગુંડા તત્વો દ્વારા સલામતીના નિયમોનું ઉલ્લંઘન કરવાના કિસ્સામાં ૧૦૦૦૦/- સુધીનો દંડ તથા ૬ મહિનાની જેલની સજાની જોગવાઈ છે. ગુંડા તત્વો એ અસામાજીક પ્રવૃત્તિઓ દ્વારા ધાક ધમકીથી ભેગી કરેલ સ્થાવર જંગમ મિલકતો જપ્ત કરવાની જોગવાઈ પણ આ એક્ટ માં કરવામાં આવી છે.આ કાયદાને કારણે કોઈ પણ ગુનાને ગુંડા એક્ટમાં ખપાવવા પોલીસ ને વ્યાપક સત્તા મળતા તેનો દૂરપગયોગ થવાનો ભય છે. તેથી પોલીસની કામગીરીથી નિર્દોષ વ્યક્તિને ખોટી રીતે કાયદાના સકંજામાં ના લેવામાં

આવે તે માટે પોલીસ તંત્ર ઉપર સરકારે મોનીટરીંગ કરવા માટે એક અલાયદા સેલની રચના કરવાની રહેશે. તેમજ આ એક્ટનો સાચી રીતે જનતાને લાભ મળે તે જોવાનું રહેશે કારણ કે આ એક્ટના જેટલા ફાયદા છે તેટલા જ ગેરફાયદા પણ છે. યુ.પી., બિહાર તેમજ મધ્ય પ્રદેશમાં આ એક્ટની આડ માં કેટલાય નકલી એન્કાઉન્ટરો કરવાની હકીકત પણ સામે આવી છે. ગુજરાતમાં પણ ભૂતકાળમાં પોલીસ તથા ગૃહવિભાગ સામે નકલી એન્કાઉન્ટર કરવાના આક્ષેપો થયેલા છે તેથી કાયદાનો કડકાઈથી અમલ કરતા નિર્દોષ વ્યક્તિ ખોટી રીતે ના સંડોવાય તેમજ સામાન્ય પ્રજા તંત્ર દ્વારા હેરાન પરેશાન ના થાય તેવી વ્યવસ્થા સરકાર પક્ષે ગોઠવવાની જવાબદારી મોટી રહેશે.

ગુજરાતને ગુંડારાજમાંથી મુક્ત કરવા જતા પોલીસ રાજમાં તથા અધિકરી રાજમાં પ્રજા પરેશાન ના થાય અને કાયદાનો દૂર ઉપયોગ ના

**અનુસંધાન પાના નં ૭ પર**

# હાડ-હાડમાં હેત ફર્યું જેને વેણ વેણ વરદાન, દેખ ઘરેઘર એ જ બિરાજે, ભૂતળમાં ભગવાન



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

ચિ. નીલા,

આ પત્ર વાંચીને કદાચ તને આશ્ચર્ય થશે. તીર્થક્ષેત્રમાં આવ્યાં આજે પંદર દા'ડા થયા, ને એ પંદર દા'ડામાં તારી યાદ પચાસ વાર આવી હશે. હું અહીં આવવા નીકળી ત્યારે તારી આંખો ભરાઈ ગઈ હતી ને તું બોલી ઊઠેલી કે, બા, મારાથી કંઈ કહેવાઈ ગયું હોય તો મને માફ કરશો. ને પછી નાનકડા નચીને મારા ખોળામાં મૂકીને બોલી હતી કે, અમને નહીં તો આને યાદ કરીને જલદી આવજો, બા !

તો શું, નીલા, તું જાણતી નથી કે મને પણ તમારી બધાની કેટલી માયા છે ? મારે ત્રણ દીકરા ને બે દીકરીઓ. એક દીકરીને પરણાવી, ને બીજી તો નાનપણમાં જ ગઈ; એને તો તેં જોઈ પણ નહોતી. પણ તને જ્યારે મેં પહેલવહેલી જોઈ ત્યારે ક્ષણભર તો એમ થયું કે જાણે મારી આરતી જ પાછી આવી ! ને મારો સ્નેહ તારી તરફ વધારે ઢળ્યો. મોટા ભાઈઓ જુદા થયા, ને હું તમારી સાથે રહી. મને તું વધુ ગમતી, તે ઉપરાંત નાનો દીકરો પહેલેથી જ મારો લાડકો હતો. એ છ મહિનાનો હતો ત્યાં એણે એના પિતાની છાયા ગુમાવી, એટલે મારા પ્રેમનો વિશેષ અધિકારી બન્યો. વળી એનો બાંધો મૂળથી નબળો તેથી એની વધારે સંભાળ રાખવી પડતી - અને હજીય રાખવી પડે તેમ છે. તે જ કારણે મારે તને કોઈ વાર ટોકવી પણ પડે છે. યાદ છે ને - તે દિવસે ઠંડીમાં તું એને ખુલ્લામાં નાટક જોવા ખેંચી ગઈ હતી, ને પછી એ બરાબર એક મહિનો હેરાન થયો ત્યારે મારે તને બે શબ્દો કહેવા પડેલા ?

'સ્ત્રીના બળને માપી શકાય નહીં, તેથી તેને અ-બળા કહી છે. સ્ત્રી કઠણમાં કઠણ હૃદયમાં ઊતરી જઈને જગા કરે છે. એ પારકાના ઘરને પોતાનું કરી લે છે. પોતે એ ઘરની થઈ જાય છે, એ ઘરમાં સમાઈ જાય છે.'

**- રવિશંકર વ્યાસ (મહારાજ)**

એક સ્ત્રી જયારે પરણીને સાસરે આવે ત્યારે એક નવા માહોલમાં પોતાની જાતને 'adjust' કરવાનો પૂરો પ્રયત્ન કરે છે. સમય જતાં એ આ નવા ઘરમાં એટલી સારી રીતે સેટ થઈ જાય છે કે એ તેમનામાંની જ એક બની રહે છે. પણ આ સ્ત્રી વર્ષો પહેલા આ જ પ્રક્રિયામાંથી પસાર થઈ ગયેલી પોતાની 'સાસુ' ને સમજવામાં મોટાભાગે ભૂલ કરતી હોય છે. આપણે આજની નારીને 'Feminist' ગણીએ છીએ. અને માનીએ કે આજની સ્ત્રી તેના સંપર્કમાં આવનારી દરેક સ્ત્રીને પૂરતું મહત્ત્વ આપે છે ત્યારે મોટાભાગે તે ઘરમાં જ પોતાની સાસુ, નણંદ કે દેરાણી-જેઠાણીને જ સમજવામાં પૂર્વગ્રહથી પીડાય છે. રંભાબહેન ગાંધીનો પોતાની પુત્રવધુને સંબોધીને લખાયેલો આ પત્ર ભલે વર્ષો પહેલાં લખાયો હોય છતાં આજે પણ એ એકદમ સચોટ રીતે એક સાસુમા અને પુત્રવધુના સંબંધને દર્શાવે છે :

બીજે દિવસે કિરીટે મને કહ્યું, "બા, આટલો લોભ શા માટે ?" ને હું સમજી ગઈ કે એ કિરીટ દ્વારા તું જ બોલતી હતી. તમારો ઈશારો જ મારા માટે બસ થઈ પડે. પણ જેને અત્યાર સુધી મારાં જ માન્યાં છે તેને લાગણીથી, તેમના ભલા માટે કંઈક કહેવાઈ જ જાય છે.

તું મજાનું પહેરી-ઓઢીને ફરે ત્યારે મને થાય છે કે મારી દીકરી જ જાણે ફરે છે. એટલે જ તે દિવસે મેં તને ટોકેલી, કારણ કે એટલાં ઝીણાં વસ્ત્રો ને એવી સિલાઈ કુળવાન વહુ-દીકરીને ન શોભે એવાં આછકલાં લાગેલાં. પણ તને એ નહીં ગમેલું.

આમ તને કોઈ કોઈ વાર ટોકી હોય તેવા બનાવો યાદ આવે છે... એક વાર તેં બરણીમાંથી મરચું કાઢ્યું પછી વાતોમાં બરણી ઉઘાડી જ રહી ગઈ હશે. ને બાર મહિનાના મરચામાં બાચકાં પડી ગયાં ત્યારે મેં તને સહેજ ઠપકો આપેલો. કોઈ વાર નચી માટે બે શબ્દો કહેવા પડ્યા હશે.

પરંતુ આવા બનાવો તો ઘર હોય ત્યાં બન્યા કરે. ને આખરે મેં કહ્યું, તે તારા ભલા માટે જ ને ? મેં કંઈ એમ તો નહોતું કહ્યું ને કે, મને મિષ્ટાન્ન બનાવીને જમાડ... કે મારા માથામાં તેલ ઘસી દે... કે મારા પગ દાબ.

ખરું કહું છું નીલા, જ્યારે ન જ ચાલે એવું લાગે ત્યારે જ હું કંઈક કહું છું. બાકી કેટલીય વાર તો ગમ ખાઈ જાઉં છું. કારણ કે આપણી બે વચ્ચે થોડી પણ જીભાજોડી થઈ જાય, તો લોકોને થાય જોણું ને આપણા ઘરનું થાય વગોણું. બા તો તમારા સુખે સુખી ને તમારા દુઃખે દુઃખી છે. તમને આનંદ કરતાં જોઈને તો એનો આત્મા પ્રસન્ન રહે છે.

ખેર, આ વાત તું કદાચ અત્યારે નહીં સમજે. નચી મોટો થશે અને મારી જગ્યા તું લઈશ ત્યારે તને સમજાશે. આજકાલની વહુઓ કુળવધૂ કરતાં વરવધૂ જ બનીને આવે છે. ને જાણે આવતાં જ કહી દે છે કે, "એય ડોશીમા, હવે તમારા દીકરા પરનો હક ઉઠાવી લો... હવે એ અમારો છે." ખરું છે, વહુદીકરા, ખરું છે. એટલે જ ડાહ્યાઓએ કહ્યું છે ને કે, "લોચોપોચો માડીનો, ને છેલછબીલો લાડીનો." પણ લાડી ન ભૂલે કે એ લોચોપોચો માના હૈયાનો ટુકડો છે; એ ધારે તોયે એને એકદમ છૂટો નથી કરી શકતી. માયાના તાર એની સાથે બંધાયેલા રહે જ છે.

જવા દે એ બધી વાતો. તને થશે કે, અહીં કહેતાં'તાં તે શું ઓછું હતું કે હવે વળી ત્યાંથીયે રામાયણ લખવા માંડી ! પણ હું આ લખું છું તે તને દુઃખી કરવા માટે નહીં, પરંતુ મારું મન જરાક ખુલ્લું મૂકવા જ.

આટલા દા'ડા મને થતું હતું કે તારો કાગળ કદાચ આવશે. પણ આશા ફળી નહીં...

ખરી ? આ પત્ર પોસ્ટ તો કરું છું, પણ આનેય ભૂતકાળની વાત માની લેજે. તારા પત્રથી મારો રહ્યોસહ્યો રોષ પણ ચાલ્યો ગયો છે. ને દીકરી નીલા ! પડેલા સ્વભાવને કારણે તને કાંઈ કહેવાઈ જાય, તો મને સાસુ ગણવાને બદલે મા સાથે. સરખાવજે. હું પણ એ. જ વિચાર કરીશ કે વહુ છે તેથી શું થઈ ગયું ? એની માની તો. દીકરી જ છે ને ? અને આખરે તો મારી પણ દીકરી જ છે ને?

તા.ક. ઉપલો કાગળ લખી રાખ્યો હતો, તેને ટપાલમાં નાખવા આજે માણસ જતો હતો ત્યાં જ તારો પત્ર આવ્યો ને મારા આનંદનો પાર રહ્યો નહીં. નીલા ! મારી દીકરી નીલા ! મેં તને કેટલો અન્યાય કર્યો ! તું કેટલી દુઃખી થઈ ગઈ છે ! ના, દીકરી, ના, હું અહીં કાયમ રહેવા થોડી જ આવી છું ? ને એમાં, બાપુ, તારે માફી માગવાની શેની હોય ? તું તો છોકરું છે; બે વચન બોલી તોયે શું થઈ ગયું ? તું લખે છે કે કિરીટને બહુ દુઃખ થયું છે ને હું અહીં આવી ત્યારથી એ તારી સાથે મન મૂકીને બોલતો પણ નથી. કેવો ગાંડો છે મારો દીકરો !

અને નચી "દાદીમા દાદીમા" કર્યા કરે છે, તો એને કહેજે કે બેટા, હુંય અહીં "નચી નચી" કર્યા કરું છું. મૂળ કરતાં વ્યાજ વધુ વહાલું લાગે છે. ઘડીભર પણ મારા એ કનૈયાની છબી મારી આંખ આગળથી ખસતી નથી. અહીં મંદિરમાં કનૈયાનાં દર્શન કરતાં મને તો મારો કનૈયો જ "દાદીમા, લાદવો દો !" કહેતો નજરે તરે છે.

બે દા'ડામાં જ હું ત્યાં આવું છું. ફાવે એટલું કહું, પણ તમારી માયા છૂટે.

Last Seen:
**હાડ-હાડમાં હેત ફર્યું જેને**
**વેણ વેણ વરદાન,**
**દેખ - ઘરેઘર એ જ બિરાજે**
**ભૂતળમાં ભગવાન.**

**- મકરન્દ દવે**

- nehalgadhavi101@gmail.com

# અનામતના નામે ગૂંચવાડા સર્જો અને પ્રજાને ભોળવી રાજ કરો



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઇ

આઝાદીના સાત-સાત દાયકા વીતી ગયા પછી પણ દેશમાં અનામતના ઘૂઘરે રાજકારણ ખેલવાની ચડસાચડસી હજુ થંભી નથી. અનામત કાઢો અથવા તો અમને આપો; એવી માંગણી સાથે આંદોલનો અને રેલીઓ સત્તાપક્ષ અને વિપક્ષના ઈશારે જ ઉહાપોહ મચાવાય છે. હવે અનુસૂચિત જાતિ (એસી), અનુસૂચિત જનજાતિ (એસટી), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતો(એસઈબીસી કે ઓબીસી) પછી ઉજળિયાતો ગણાતા સમાજોને બંધારણમાં ૧૦૩ ક્રમાંકનો સુધારો કરીને બિન-અનામતના નામે ૧૦% અનામત અપાયા પછી "સત્તાવાર રીતે" કુલ મળીને ૬૦% અનામત તો અમલી બની ગઈ છે. વાસ્તવમાં બંધારણના મુખ્ય નિર્માતા બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકર અનામતનું પ્રમાણ ૫૦%થી વધે નહીં એ મતના હોવા છતાં એમના નામની દુહાઈ દેનારાઓ થકી આજકાલ અમુક રાજ્યોમાં તો અનામતનું પ્રમાણ ૯૦ % સુધી અમલી થઈ ચુક્યું છે. અનામત-અનામતની રાષ્ટ્રવ્યાપી કવાયતો છતાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના ટોચના અધિકારીઓમાં પ્રત્યેક અનામત સમાજની ટકાવારી મુજબ હોદ્દાઓ અપાયા નહીં હોવાનું સરકારી આંકડાઓ જ ગાઈવગાડીને કહે છે. હમણાં મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની ૧૬% ટકાવારીને સર્વોચ્ચ અદાલતમાં પડકારાતાં ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે એના અમલ પર મનાઈહુકમ આપ્યા પછી ભારે રાજકીય વિવાદ તેમ જ આરોપ-પ્રત્યારોપનો માહોલ સર્જાયો છે. મરાઠા અનામતના યશ માટે રીતસર ઝૂંટાઝૂંટ ચાલી છે. પ્રજાને ભોળવવા બેફામ નિવેદનો થયા કરે છે. વિપક્ષે બેસતા ભારતીય જનતા પક્ષના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંતદાદા પાટિલે તો કોંગ્રેસનો અમુક વર્ગ મરાઠા અનામતનો વિરોધી હોવાનો આક્ષેપ કર્યો. સર્વોચ્ચ અદાલતની ખંડપીઠે ઈન્દ્રા સાહની ચુકાદા મુજબ અનામતનું પ્રમાણ ૫૦ %થી વધે નહીં એવા નિર્દેશ સંબંધે આધાર લઈને મરાઠા અનામતને મનાઈહુકમ આપ્યો અને પાંચ કે તેથી વધુ ન્યાયાધીશોની બંધારણપીઠ ભણી સઘળો મામલો હડસેલ્યો છે. શિવસેના સુપ્રીમો અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે,મહારાષ્ટ્રના કોંગ્રેસી નેતા, પૂર્વ મુખ્યમંત્રી અને અત્યારે પ્રધાનમંડળની મરાઠા અનામત સમિતિના અધ્યક્ષ અશોક ચવ્હાણ તેમજ રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુપ્રીમો શરદ પવાર રાજ્ય સરકાર વટહુકમ લાવીને મરાઠા અનામત પરના મનાઈહુકમને

- **કેન્દ્ર અને રાજ્ય સરકારોના ટોચના અધિકારીઓમાં પ્રત્યેક અનામત સમાજની ટકાવારી મુજબ હોદ્દાઓ મળ્યા નથી**
- **"આર્થિક રીતે નબળા પ્રવર્ગને" બંધારણના અનુચ્છેદ ૧૫(૪) અને ૧૬ (૬) અન્વયે ૧૦% અનામતનો લાભ અપાયો**
- **આંધ્ર પ્રદેશ, તેલંગણ અને તમિળનાડુમાં મુસ્લિમ અનામત આજે ય અસ્તિત્વમાં અને અદાલતોએ બંધારણીય લેખી**
- **સમૃદ્ધોને જ અનામતની લહાણી કરવાની હોય ત્યારે પ્રજાના ભોળપણનો લાભ તમામ રાજકીય પક્ષો લેતા જ રહે છે**

અપ્રભાવી કરવાની વેતરણમાં છે. તમામ રાજકીય પક્ષો માટે વોટબેંક સાચવવાની હૂંસાતૂંસી સવિશેષ છે. મામલો માત્ર મહારાષ્ટ્ર પૂરતો સીમિત નથી. ગુજરાતમાં બિન-અનામત શ્રેણીના અનામત લાભ માટે અને ઓબીસીના અનામત માટે થોડા વખત પહેલાં ગાંધીનગરમાં ભજવાયેલા નાટકીય ધરણાંના સૂત્રધારો તો સત્તાપક્ષના જ હતા. લોકોને ભોળવવાની અને પોતે લાભ અપાવ્યાનો યશ લેવા આવી કવાયતો રાષ્ટ્રીયસ્તરે અને રાજ્યસ્તરે તમામ રાજકીય પક્ષો કરતા રહે છે.

મરાઠા અને મુસ્લિમ અનામત

મરાઠા અનામત તો છેક ૧૯૮૦ના ગાળાથી ગાજતો રહેલો મુદ્દો છે.વાસ્તવમાં સદગત મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખ અને રાષ્ટ્રવાદીના નેતા શરદ પવારે વર્ષ ૨૦૦૮માં એને ટેકો આપવા માંડ્યો એટલે ૨૦૦૯ની ચૂંટણીમાં એ ચગ્યો. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૪ દરમિયાન વિવિધ સંગઠનોએ એ માટે સક્રિયતા દાખવી. એટલે ૨૫ જૂન ૨૦૧૪ના રોજ કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસની પૃથ્વીરાજ ચવ્હાણ સરકારે ૧૬ (સોળ) % મરાઠા અનામત અને ૫ (પાંચ) % મુસ્લિમ અનામત શિક્ષણ અને નોકરીઓમાં આપવાનો નિર્ણય કર્યો. જોકે ઓક્ટોબર ૨૦૧૪માં ચૂંટણી પછી કોંગ્રેસ-રાષ્ટ્રવાદી સરકારને સ્થાને, પવારની પાર્ટીના પરોક્ષ ટેકાથી, ભાજપની દેવેન્દ્ર ફડણવીસ સરકાર સ્થપાઈ. ડિસેમ્બર ૨૦૧૪માં શિવસેના સરકારમાં સામેલ થઈ. એ પહેલાં ૧૪ નવેમ્બર ૨૦૧૪ના રોજ મુંબઈની વડી અદાલતે અગાઉની સંયુક્ત સરકારે શૈક્ષણિક અને સરકારી નોકરીઓમાં મરાઠાઓને આપેલી ૧૬ % અનામતને રદ કરી, પણ ૫% મુસ્લિમ અનામતને રદ નહોતી કરી છતાં ફડણવીસ સરકારે મરાઠા અનામત આપવાની તરફેણ કરી, પરંતુ મુસ્લિમ અનામત નહીં અપાય એવું વલણ અપનાવ્યું. રાજ્ય સરકાર સુપ્રીમમાં ગઈ પણ સુપ્રીમમાં એને દાદ ના મળી. અત્રે એ યાદ રહે કે આંધ્ર પ્રદેશ, તેલંગણ અને તમિળનાડુમાં મુસ્લિમ અનામત અસ્તિત્વમાં છે અને અદાલતોએ એને માન્ય રાખેલી છે. રાજ્યમાં મરાઠા મોરચાઓનું આયોજન રાજ્ય સરકારને ભીંસમાં લેવા માંડ્યું. જૂન ૨૦૧૭માં વિશેષ આયોગનું ગઠન કરીને ૧૫ નવેમ્બર ૨૦૧૮ના રોજ અહેવાલ મેળવ્યો. ભાજપ-શિવસેના સરકારે આ અનુકૂળ અહેવાલને પગલે ૩૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ વિધાનસભામાં ૧૬ % મરાઠા અનામત આપતું વિધેયક મંજૂર કરાવ્યું. ૩૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ રાજ્યપાલ સી.વિદ્યાસાગર રાવે મંજૂર વિધેયકને સ્વીકૃતિ આપી એટલે એનો અમલ શરૂ થયો, પણ કેટલાક અરજદારોએ એની વિરુદ્ધ મુંબઈની વડી અદાલતમાં એને પડકારવાનું પસંદ કર્યુ. અદાલતની ખંડપીઠે અનામતના અમલને મનાઈહુકમ આપ્યો પણ સુનાવણી પછી ૨૭ જૂન ૨૦૧૯ના રોજ મરાઠા અનામતને બંધારણીય ગણાવતાં ન્યાયાધીશો રણજિત મોરે અને ભારતી ડોંગેએ રાજ્ય પછાતવર્ગ આયોગના અહેવાલની ભલામણ મુજબ, "સામાજિક અને આર્થિક રીતે પછાત મરાઠાઓને" ૧૬ને બદલે ૧૨થી ૧૩ % અનામત આપવાની તરફેણમાં ચુકાદો આપ્યો.આ મામલો સુપ્રીમ કોર્ટમાં પડકારાતાં એના પર હવે મનાઈહુકમ આવ્યો છે.

કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ભેદભાવ

વર્તમાન ભારત સરકારે બંધારણ સુધારો ૧૦૩ કરીને "આર્થિક રીતે નબળા પ્રવર્ગને" બંધારણના જે અનુચ્છેદ ૧૫(૪) અને ૧૬ (૬) અન્વયે ૧૦% અનામતનો લાભ આપવાનું પસંદ કર્યુ છે. એ જ આધાર લઈને મહારાષ્ટ્રમાં મરાઠા અનામત અપાય ત્યારે એને મનાઈહુકમ અપાય છે. એ સામે કાનૂની અને બંધારણીય ગૂંચવાડો સર્જાય એ સ્વાભાવિક છે. જોકે કેન્દ્ર સરકારે આપેલી ૧૦% અનામતનો મામલો પણ હજુ સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન જ પડ્યો છે. એમ તો તમિળનાડુમાં છેક ૧૯૯૪થી અમલી ૬૯% અનામતનો મામલો દાયકાઓથી સુપ્રીમમાં વિચારાધીન છે. મહારાષ્ટ્રમાં એકાએક મરાઠા અનામતનો લાભ લેવાનો

**અનુસંધાન પાના નં ૭ પર**